સત્યાગ્રહ
તેનો
અર્થ અને ઉપયોગ.

सत्यं वद । धर्मं चर । सत्यमेव जयति । सत्यान्नास्ति
ेा धर्मः । એ ઉપનિષદ્ અને મનુનાં વચનો સત્યાગ્રહનું
ાણ આપે છે. પરમ ભક્ત પ્રલ્હાદ, અને મહારાણી
ાંબાઈ અને સત્યવાદી હરિશ્ચંદ્ર રાજા, પ્રાચીન
ાના સત્યાગ્રહીઓ છે. પરંતુ સત્યાગ્રહ એટલે
અને સત્યાગ્રહી કોણ હોઇ શકે તે સંબંધી
ર કરવાની જરૂર છે.

સત્યાગ્રહ એટલે શું?

'હું એક અમર જીવાત્મા છું. શરીર, વાણી
મન, વિશ્વનો અનુભવ લેવા માટેનાં મારાં
ારો છે. જેવો જીવાત્મા મારામાં છે તેવોજ

જીવાત્મા સઘળાં મનુષ્યો અને ભૂત પ્રાણીઓમાં છે, માટે आत्मनः प्रतिकूलानि परेभ्यो न समाचरत्। એ નીતિવાક્ય પ્રમાણે જે વર્તણુક અને પસંદ ન હોય તે કોઇપણ જીવ તરફ મારે ચલાવવી નહિ. મારે સઘળા જીવો પ્રત્યે સદા, સર્વથા અને સર્વત્ર સારા થવું અને સઘળા જીવોનું સદા, સર્વથા અને સર્વત્ર સારૂંજ કરવું." આવી ભાવના અને જીવન તે જીવદૃષ્ટિએ સત્યાગ્રહ છે.

વિશ્વનો પિતા પરમાત્મા સર્વજ્ઞ, સર્વવ્યાપક અને સર્વશક્તિમાન છે. માટે જે કામ તેમની સમક્ષ ન કરી શકાય તે કદી, કોઇપણ સંયોગોમાં કરવું નહિ; જે શબ્દો તેમની સમક્ષ ન બોલી શકાય તે કદી, કોઇપણ સંયોગોમાં બોલવા નહિ; જે વિચારો તેમની સમક્ષ ન કરી શકાય તે કદી, કોઇપણ સંયોગોમાં કરવા નહિ. ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति। પરમાત્મા સૌ ભૂતપ્રાણીના હૃદયમાં વિરાજી રહ્યા છે માટે સૌની સાથે, સદા,

સર્વથા અને સર્વત્ર પ્રેમભાવે, અક્રોધભાવે, અભયભાવે, અમરભાવે અને સત્યભાવે વર્તવું. અન્તરાત્માનો અવાજ એજ પરમાત્માનો અવાજ છે, માટે ગમે તેવા જોખમે પણ તે અવાજ પ્રમાણેજ ચાલવું. આવું જીવન એ અધ્યાત્મદૃષ્ટિએ અથવા પ્રભુદૃષ્ટિએ સત્યાગ્રહ છે. આ જીવનમાં વ્યક્તિજીવન, ગ્રહજીવન, સામાજીક જીવન અને શહેરી જીવનનો પણ સમાવેશ થાયછે. જીવદૃષ્ટિએ તેમજ શિવદૃષ્ટિએ જીવન એ પૂર્ણ સત્યાગ્રહજીવન છે.

સત્યાગ્રહી કોણ હોઈ શકે?

જે મનુષ્ય પોતાને અમર આત્મા સમજે છે, પરમાત્માના અસ્તિત્વમાં માને છે, અને નીતિ, અનીતિ વચ્ચેનો વિવેક કરવા શક્તિમાન છે, અને દરેક મનુષ્ય, દેશ અને પ્રજા જેવું વાવે છે તેવું લણે છે એમ જે સમજે છે તેજ મનુષ્ય સત્યાગ્રહી થઈ શકે છે. આવી સ્થિતિએ પહોંચવું એ અનેક જન્મોના અનુભવનું ફળ છે.

અન્તરાત્માના અવાજની પરીક્ષા.

દરેક સત્યાગ્રહી પોતાના અન્તરાત્માના અવાજને ગમે તે જોખમે માન આપવા બંધાયેલો છે, પરંતુ તે અવાજ અન્તરાત્માનોજ છે કે કોઈ અંદરની કામનાનો છે તે પારખવા શિખવાની જરૂર છે. અન્તરાત્માના અવાજમાં અસત્ય, અનીતિ, હિંસકવૃત્તિ, ધિક્કારભાવના અને મિથ્યા અભિમાન હોઈ શકે નહિ. જેમાં આમાંનું એક પણ હોય તે અન્તરાત્માનો અવાજ નથી. જે પોતાના અન્તરાત્માનો અવાજ પારખી શકે નહિ તેણે સત્યાગ્રહી થવાનું સાહસ ખેડવું નહિ.

સત્યાગ્રહનું ક્ષેત્ર.

સત્યાગ્રહનું ક્ષેત્ર વિશ્વના જેટલુંજ વિશાળ છે. દરેક સમજુ મનુષ્યે પ્રથમ તો પોતાનાં શરીર, વાણી, મન અને અહંકારની સામે સત્યાગ્રહ શરૂ કરવાનો છે. આવા સત્યાગ્રહને પ્રાચીન કાળમાં તપ કહેવામાં આવતું હતું.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ (भ. गीता)

દેવ, દ્વિજ, ગુરૂ અને જ્ઞાની પુરૂષની પૂજા કરી, આરોગ્યવિદ્યાના નિયમો પ્રમાણે પવિત્ર રહી, શરીરને વિનયશીલ બનાવી, શરીરની જડતા અને આલસ્યનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળી શરીરની કામવૃત્તિનો નિગ્રહ કરવો અને અહિંસાથી શરીરની કોઇપણ જીવને દુઃખ દેવાની વૃત્તિનો નાશ કરવો એ શરીરનું તપ છે.—શરીરની સામે સત્યાગ્રહ છે.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ (भ. गीता)

સાંભળનારને ઉદ્વેગ ઉત્પન્ન ન કરે એવું, સત્ય, પ્રિય અને હિતકર વચન બોલી, વાણીમાંથી અસત્ય, કટુતા, અને હિંસકવૃત્તિનો ત્યાગ કરવો અને દેશકાળ અને સ્થિતિને અનુકૂળ અને આત્મકલ્યાણકર પુસ્તકોનો અભ્યાસ કરી, વાણીનો સદુપયોગ કરવો એ વાણીનું તપ છે.—વાણીની સામે સત્યાગ્રહ છે.

मन:प्रसाद: सौम्यत्वं मौनमात्मविनिग्रह: ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ (भ. गीता)

મનની પ્રસન્નતા, સૌમ્યતા, મૌન (એકાગ્રતા), ઇન્દ્રિયસહિત મનનો નિગ્રહ અને ભાવનાની શુદ્ધિ રાખી, મનનો મેલ, જડતા, ચંચળતા અને વિકારવૃત્તિનો નાશ કરવો એ મનનું તપ છે.—મન સામેનો સત્યાગ્રહ છે.

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दु:खं स योगी परमो मत: ॥ (भ.गीता)

સુખમાં તેમજ દુ:ખમાં જે મનુષ્ય પોતાનુંજ દૃષ્ટાન્ત લઇને વર્તેછે એટલે કે જે વર્તનથી પોતાને દુ:ખ થાય તેવું વર્તન કોઇ પણ જીવ પ્રત્યે ચલાવતો નથી અને જે જાતના વર્તનથી પોતાને સુખ થાય તે જાતનું વર્તન સઘળા જીવો પ્રત્યે રાખેછે અને સૌ પ્રત્યે આત્મભાવના રાખેછે તેજ ભગવાનને મન યોગી છે. આ અહંકારનું તપ છે.—અહંકારની સામે સત્યાગ્રહ છે.

સામાજીક ખરાબ રૂઢીઓ જેવી કે કન્યાવિક્રય, વરવિક્રય, બાળલગ્ન, વૃદ્ધલગ્ન, અને હદ બહારની ઓજલ કાઢી નાંખવા, જ્ઞાતિવરા, અને વર્ણાશ્રમ-વ્યવસ્થામાં સુધારણા કરવા, અન્ત્યજ વર્ગનો ઉદ્ધાર કરવા અને સ્ત્રી અને મજુર વર્ગની સ્થિતિ સુધારવા યથાશક્તિ ચાલુ પ્રયત્ન કરવો અને માર્ગમાં આવતાં દુઃખો સહન કરવાં તે સામાજીક રૂઢીઓ અને રીવાજોની સામે સત્યાગ્રહ છે.

વેપાર, રોજગાર અને નોકરીમાં સત્ય, પ્રમાણિકતા, અને અમુક ટકાનોજ નફો લેવાનો નિશ્ચય દાખલ કરવા, અને સ્વદેશની ગરીબી ઓછી કરવા, સ્વદેશી વેપાર, હુન્નર અને ઉદ્યોગને ખીલવવા સ્વદેશી વસ્તુનોજ ઉપયોગ કરવો અને માત્ર નિરૂપાયેજ વિદેશી વસ્તુ વાપરવી એ હાલના વાણિજ્યની સામે સત્યાગ્રહ છે.

ખોટા વહેમો દૂર કરવા, દેવધનનો સદુપયોગ કરવો, સર્વ ધર્મને પ્રભુપ્રાપ્તિના માર્ગો સમજી પોતાનો ધર્મ

પાળી, સૌ ધર્મને માન આપવું, આળસુ, અજ્ઞાની, અને ધર્મને નામે ધંધો કરનાર સોધુ, સન્યાસી, આચાર્ય અને મહંતોને ધાર્મિક પુરૂષો નહિ ગણવા, સશકત ભિખારીઓને દાન નહિ આપવું એ હાલની ધાર્મિક સ્થિતિની સામે સત્યાગ્રહ છે.

મનુષ્ય જાતિની સ્વતંત્રતાનો ખોટી રીતે નાશ કરનાર રાજ્યકાયદા અને રાજ્યનીતિમાં આપખુદી દૂર કરવા ન્યાય પુરઃસરનો યથાશકિત ચાલુ પ્રયત્ન કરવો અને તેવા પ્રયત્ન માટે ગમે તેવા દુઃખનું સહન કરવું, એ રાજ્યતંત્ર સામે સત્યાગ્રહ છે.

ટુંકામાં જ્યાં જ્યાં અન્યાય, અસત્ય, અનીતિ હોય ત્યાં ત્યાં ન્યાય, સત્ય અને નીતિ લાવવા યથાશક્તિ પ્રયત્ન કરવો અને તેને માટે જે દુઃખ આવી પડે તે હિમ્મતપૂર્વક સહન કરવું એ સત્યાગ્રહનું ક્ષેત્ર છે.

પરંતુ મુખ્ય મુદ્દાની વાત તો એ છે કે જેણે પોતે પોતાનાં શરીર, વાણી, મન અને અહંકારની સામે સત્યાગ્રહ કરેલો નથી તેનાથી સામાજીક, ધાર્મિક, રાજકીય

કે વાણિજ્યની અયોગ્ય રૂઢીઓ સામે સત્યાગ્રહ થઇ શકવાનો નથી. માટે પ્રથમ તો દરેક ભાવી સત્યાગ્રહીએ પોતાની સામે સત્યાગ્રહ કરવાનો છે. શરીર, વચન, વિચાર અને અહંકારનો નિગ્રહ કર્યા વિના કોઇપણ મનુષ્ય કોઇપણ સંસ્થામાં દાખલ થવાથી કે કોઇપણ પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવાથી સત્યાગ્રહી થઇ શકતો નથી, તેમજ કોઇપણ મહાન્ વ્યકિત તેને એકાએક સત્યાગ્રહી બનાવી શકતી નથી.

પાશુપતાસ્ત્ર.

પાશુપતાસ્ત્ર એ શિવજીનું અસ્ત્ર છે. તે ગમે તેને મળતું નથી. ગમે તે માણસ તેનો ઉપયોગ કરી શકતો નથી. તે અસ્ત્ર પ્રાપ્ત કરવા માટે અર્જુને કેટલાં વર્ષો સુધી તપશ્ચર્યા કરી હતી, અને અર્જુન જેવા નરને પણ તપશ્ચર્યા કર્યા પછી પણ પોતાના બળની અને નીતિની પરીક્ષા આપવી પડી હતી. શિવજીએ કિરીટાર્જુનનો વેશ લઇ અર્જુનને તપાસ્યો હતો અને પછી પાશુપતાસ્ત્ર આપ્યું હતું. સત્યાગ્રહ એ ચાલુ

જમાનાનું પાશુપતાસ્ત્ર છે. તે ગમે તેને પ્રાપ્ત થઇ શકે તેમ નથી. જે હમેશાં પોતાના શરીર, પોતાની વૃત્તિઓ, પોતાના વિચારો, નુકસાનકારક રૂઢીઓ વિગેરેની સામે સત્યાગ્રહ કરી રહ્યો હોય છે, લઢી રહ્યો હોય છે તેજ સત્યાગ્રહાસ્ત્રનો બીજાની સામે ઉપયોગ કરી શકે છે. ચાના, કામવાસનાના, બીડી તમાકુના, પાન સોપારીના, પરદેશી પોષાકના અને બીજા કેટલાક સ્વચ્છંદોના ગુલામો હોઇએ ત્યાંસુધી તે અસ્ત્ર હાથમાં પણ ઝાલી શકાતું નથી અને કદાચ ઝલાય તો તેનો સદુપયોગ તો થઇ શકતોજ નથી.

વિવેકની જરૂર છે.

ખનીજવર્ગ, વનસ્પતિવર્ગ અને પશુવર્ગને જેમ વિકાસક્રમનો નિયમ લાગુ પડેછે તેમ તે મનુષ્યવર્ગને પણ લાગુ પડે છે. અને ખનીજવર્ગ, વનસ્પતિવર્ગ તથા પશુવર્ગમાં જેમ વિકાસક્રમની સીઢીનાં જુદાં જુદાં પગથીયાં છે તેમ મનુષ્યજાતિમાં પણ છે. દરેક મનુષ્ય આ સીઢીના એકજ પગથીયા ઉપર ઉભેલો નથી,

અને તેની દરેકની શકિત, સમજ અને સાધનો એકસરખાં નથી. આમ હોવાથી કોઇપિણ દિશામાં સત્યાગ્રહ શરૂ કરવા પહેલાં માણસે વિવેકબુદ્ધિ વાપરવાની છે, માત્ર ગાડરીયા પ્રવાહમાં પડી પોતાને તેમજ બીજાને વિઘ્નરૂપ થવાનું નથી. દરેકે પોતાની **શકિત, સમજ, સાધનો અને પરિસ્થિતિનો** વિચાર કરી કાર્ય માથે ઉઠાવવું જોઇએ, અને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે પોતે ભૂલ કરેલી છે એમ જણાય એટલે તુરત સુધારવી જોઇએ. પોતે ભૂલ કરેલી છે એમ જાણ્યા છતાં તેજ દિશામાં હઠ કરી ચાલ્યા જવું એ સત્યાગ્રહ નહિ પણ દુરાગ્રહજ છે.

યથાશકિત એટલે શું ?

પોતાની શક્તિ, સાધનો, સમજ અને પરિસ્થિતિની છેવટની હદ સુધી પ્રયત્ન કરવો તેનું નામજ યથાશક્તિ પ્રયત્ન છે. થોડી અડચણ જણાય કે તુરત પ્રયત્ન બંધ કરવો એ યથાશક્તિ પ્રયત્ન નથી. તેમજ હદબાર પગ ભરી દઇ, શક્તિ સેવા અને પ્રયત્ન પણ

બંધ કરવાં અથવા કરાવવાં એ પણ યથાશક્તિ પ્રયત્ન નથી. બની શકે તેથી ઓછો પણ નહિ તેમજ બની શકે તેથી વધારે પણ પ્રયત્ન નહિ તેજ યથાશક્તિ પ્રયત્ન છે.

સત્યાગ્રહ અને અશસ્ત્ર અને અપ્રતીકાર યુદ્ધ.

સત્યાગ્રહ અને અશસ્ત્ર અને અપ્રતીકાર યુદ્ધ (Passive Resistance) વચ્ચે મોટો તફાવત છે. કોઇપણ ખરાબ કાયદા કે રૂઢી સામે કોઇપણ સામાન્ય વ્યકિત ચાહે તો અશસ્ત્ર અને અપ્રતીકાર યુદ્ધ કરી શકે છે; પણ ગમે તે સામાન્ય વ્યકિત સત્યાગ્રહ કરી શકતી નથી. સત્યાગ્રહનો સંબંધ આખા જીવન સાથે છે. અશસ્ત્ર અને અપ્રતીકાર યુદ્ધનો સંબંધ માત્ર અમુક કાયદા કે રૂઢી પૂરતોજ છે. સત્યાગ્રહ ધર્મયુદ્ધ છે. અશસ્ત્ર અને અપ્રતીકાર યુદ્ધ એ રાજકીય ચળવળ છે. સત્યાગ્રહનો અન્તિમ હેતુ પ્રભુમય જીવન–અધ્યાત્મજીવન છે. અશસ્ત્ર અને અપ્રતીકાર યુધ્ધનો અન્તિમ હેતુ સુરાજ્ય કે સ્વરાજ્ય છે. સત્યાગ્રહમાં

સૌથી પ્રમાણભૂત નેતા પોતાનોજ અન્તરાત્મા છે. અશસ્ત્ર અને અપ્રતીકાર યુધ્ધમાં પ્રમાણભૂત નેતા કોઇ એક અમુક મહાન વ્યકિત કે કોઇ કમીટી છે. સત્યાગ્રહી કોઇપણ કામ, સમજ્યા વિના કરવાની પ્રતિજ્ઞા કદી કરતો નથી. અશસ્ત્ર અને અપ્રતીકાર યુધ્ધ કરનાર પોતાના નેતા ઉપર વિશ્વાસ રાખી તેવી પ્રતિજ્ઞા કરી શકે છે. માટે આ ફરક ધ્યાનમાં રાખવાની જરૂર છે.

સત્યાગ્રહ અને સ્વરાજ્યવાદ.

સત્યાગ્રહી જીવોજ સ્વરાજ્યને માટે લાયક છે, તેઓજ તેનો સદુપયોગ કરી શકે છે, માટે સ્વરાજ્યવાદની સાથે સત્યાગ્રહની જરૂર છે. શરીરનો અને આત્માનો જેવો સંબંધ છે તેવોજ સ્વરાજ્ય અને સત્યાગ્રહનો સંબંધ છે. આત્મા વિના શરીર નકામું છે; તેમજ શરીર વિના આત્મા પણ કંઇ અનુભવ લઇ શકતો નથી. સત્યાગ્રહ વિના સ્વરાજ્ય સારી રીતે ચલાવી શકાતું નથી તેમ સ્વરાજ્ય વિના સઘળી

દિશામાં સત્યાગ્રહ આચરી શકાતો નથી. પણ સમજ વગરના સ્વરાજ્યવાદ અને સમજ વગરના સત્યાગ્રહથી તો દેશને નુકસાનજ થવાનો સંભવ છે, માટે ન્યાય અને સત્યપુરઃસરના સ્વરાજ્યવાદ અને ન્યાય અને સત્ય પુરઃસરના સત્યાગ્રહની એકસરખી જરૂર છે.

ત્રણ વાસનાનો ત્યાગ.

ખરા સત્યાગ્રહી થવા માટે ત્રણ મુખ્ય વાસનાઓનો ત્યાગ કરવાની જરૂર છે. ભગવાન્ શંકરાચાર્ય કહે છે કેઃ—

देहवासनया जन्तोः, शास्त्रवासनयाऽपि वा ।
लोकवासनया ज्ञानं, यथावन्नैव जायते ॥

દેહવાસના, શાસ્ત્રવાસના અને લોકવાસના હોય ત્યાંસુધી ખરૂં અધ્યાત્મજ્ઞાન થતું નથી. તેમ આ ત્રણ વાસનાઓ હોય ત્યાં સુધી ખરો સત્યાગ્રહ પણ થઇ શકતો નથી. જે મનુષ્ય પોતાના શરીરને ખમવા પડતા ત્રાસથી ડરે છે, જે મનુષ્ય દેશકાળ અને સ્થિતિને પ્રતિકૂલ એવાં શાસ્ત્રવચનોને બાજુએ

મૂકતાં ડરે છે અને જે મનુષ્ય બીનઅનુભવી લોકોના મત અને ટીકાથી ડરે છે તે મનુષ્ય સત્યાગ્રહ કરવાને લાયક નથી. સત્યાચરણથી પોતાને નુકસાન થાય તે સહન કરી શકે પરંતુ પોતાના કોઇપણ આચરણથી સત્યને નુકસાન થાય તે જે મનુષ્ય સહન કરી શકતો નથી તેજ આ ત્રણ વાસનાનો પરિત્યાગ કરી શકે છે.

સત્યાગ્રહી પ્રજાનું ભવિષ્ય.

જે મનુષ્ય સત્યાગ્રહી થાય છે તે અમર થાય છે, નિર્ભય થાય છે, સદા, સર્વથા અને સર્વત્ર પ્રભુના રાજ્યમાંજ રહેનારો થાય છે. તેવીજ રીતે જે પ્રજામાં ઘણા સત્યાગ્રહી જીવો હોય છે તે પ્રજા પણ અમર બને છે, નિર્ભય બને છે, જગદ્દવંદ્ય થાય છે, સર્વ શિરોમણિ બને છે અને સઘળી પ્રજાઓમાં ગુરૂપદ ભોગવે છે. જે પ્રજા પાસે અધ્યાત્મવિદ્યા છે તેજ પ્રજા સત્યાગ્રહી જીવોને જન્મ આપી શકે છે. કારણ કે અધ્યાત્મવિદ્યા પ્રમાણે જીવન એજ સત્યાગ્રહી જીવન છે. મનુષ્યને જેટલી આત્મવિદ્યા પ્રાપ્ત થાય

છે તેટલાજ પ્રમાણમાં તે સત્યાગ્રહી થઇ શકે છે. સદ્‌ભાગ્યે ભારતવર્ષને પ્રાચીન ઋષિ, મુનિ, તીર્થંકર અને પેગંબરોએ અધ્યાત્મવિદ્યાનો અપ્રતીમ વારસો આપેલો છે. ભારતનાં સંતાનો જો આ વારસાનો ઉપયોગ કરશે અને દરેક પોતાનાથી બને તે દિશામાં અને બની શકે તેટલો સત્યાગ્રહ શરૂ કરશે તો બહુજ થોડાં વર્ષમાં ભારતવર્ષની સ્થિતિ બદલાઇ જશે, ભારત પોતાની પ્રાચીન સુધારણાના અને અધ્યાત્મવિદ્યાનો સ્વાદ બીજી પ્રજાઓને ૨ અને જગત્‌માંથી પ્રજા પ્રજા વચ્ચેના દ્વેષ ખુનખાર લડાઇઓનો હમેશને માટે અન્ત ૨ આવી જાતનો સત્યાગ્રહ શરૂ કરવા-કાયમને શરૂ કરવા અમે અમારા વાંચકવૃંદને આ સ વિનતિ કરીએ છીએ. सत्यं परं धीमहि ।

હરજીવન કાલિદાસ મહેતા

આ પત્રિકા મુંબઇમાં ઘર નંબર ૪-૬ મેરીન લેન બેંકસ્ટ્રીટ, કોટમાં, આવેલા ભારત-સેવા પ્રીન્ટીંગ પ્રેસમાં, રા. હરજીવન કાલિદાસ મહેતાએ છાપી અ તેજ સ્થળે પ્રગટ કર્યું.